# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-03-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## ECI--LOK-SABHA-POLLS

કેન્દ્રીય ચૂંટણી પંચ આજે થોડી જ વારમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ ચાર રાજ્યોના વિધાનસભાના કાર્યક્રમની જાહેરાત કરશે.

ગુજરાતની છ વિધાનસભાની ખાલી પડેલી બેઠકો માટે પણ પેટા ચૂંટણીની તારીખ જાહેર થશે. વર્ષ 2019માં લોકસભાની ચૂંટણી એપ્રિલ અને મે માં સાત તબક્કામાં યોજાઇ હતી. આ વર્ષે પણ લોકસભાની સામાન્ય ચૂંટણી એપ્રિલ અને મે મહિનામાં એકથી વધુ તબક્કામાં યોજાવાની સંભાવના છે. ચૂંટણીની કાર્યક્રમની જાહેરાત સાથે આદર્શ આચારસંહિતા અમલમાં આવશે.

....................................

## RAJKOT-ELECTION BETHAK

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોષીની અધ્યક્ષતામાં ચુંટણી સંબંધિત અધિકારીઓ સાથે  બેઠક યોજાઈ ગઈ.

અમારા રાજકોટ જિલ્લાના પ્રતિનિધિ જયદીપ પંડ્યા જણાવે છે કે  જિલ્લામાં મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ માહોલમાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાય, તે માટે આ બેઠકમાં આદર્શ આચારસંહિતા અંગે ચૂંટણી સાથે જોડાયેલા અધિકારીઓને માર્ગદર્શન અપાયું હતું.

બોટાદ ખાતે સમાજ સુરક્ષા કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા દિવ્યાંગ મતદાતાઓ માટે મતદાન જાગૃતિ અભિયાન તેમજ ઈ.વી.એમ. નિર્દશન યોજાયું

....................................

# GUJARAT KHARID NITI - 2024

રાજ્ય સરકારે આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયા પહેલને વધુ વેગવાન બનાવવાના ધ્યેય સાથે 'ગુજરાત ખરીદ નીતિ-૨૦૨૪' જાહેર કરી છે. આ નવી નીતિ આગામી પહેલી એપ્રિલથી અમલમાં આવશે. તે રાજ્યના તમામ સરકારી વિભાગો, જિલ્લા કચેરીઓ, સત્તાવાળાઓ, ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ, બોર્ડ, નિગમો, સોસાયટીઓ દ્વારા વસ્તુ અને સેવાઓના પ્રોક્યોરમેન્ટને આવરી લેશે.તેમજ સૂક્ષ્મ, કુટિર, નાના સાહસો, ખાસ કરીને એસસી-એસટી અને મહિલા ઉદ્યોગ સાહસિકોની માલિકીની ખરીદીને પ્રોત્સાહિત કરશે.

આ નીતિ અંતર્ગત સરકારી માલિકીની સંસ્થા અથવા જાહેર ક્ષેત્રના એકમો પાસેથી ૧૫ લાખ, સરકાર માન્ય સંસ્થાઓ પાસેથી ૫ લાખ રૂપિયા તેમજ સ્ટાર્ટઅપ્સ પાસેથી ૧૫ લાખ રૂપિયા સુધી ટેન્ડર વિના ખરીદી કરવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે.

વધુમાં, સ્ટાર્ટઅપ્સને ન્યૂનતમ પૂર્વ અનુભવ અને ટર્નઓવર જરૂરિયાતોના માપદંડમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેના પરિણામે યુવા સ્ટાર્ટઅપ્સના બિઝનેસને વેગ મળશે.

આ ઉપરાંત જે વસ્તુઓની પ્રોક્યોરમેન્ટની અંદાજિત કિંમત ૨૦૦ કરોડ રૂપિયાથી વધુ હોય એવા કિસ્સામાં જ ગ્લોબલ ટેન્ડર ઇન્ક્વાયરી બહાર પાડવામાં આવશે. અને ૧ લાખ રૂપિયાથી વધુની વસ્તુઓ અને સેવાઓની તમામ પ્રોક્યોરમેન્ટ, GeM પોર્ટલ દ્વારા પ્રાપ્તિ સહિત, માત્ર ઇ-ટેન્ડર દ્વારા કરવામાં આવશે, તેવું પણ આ નીતિમાં નિયત કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . .

## Health Workers- Salary VADHARO

રાજ્ય સરકારે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન હેઠળ ૧૧ માસના કરાર આધારિત કાર્યરત ટેકનિકલ અને નોન ટેકનિકલ ૧૦૦ જેટલી કેડરમાં આરોગ્ય કર્મીઓના પગારમાં ૨૫% નો વધારો કર્યો છે. રાજ્યના અંદાજિત ૨૬ હજાર થી વધુ આ નિર્ણયનો લાભ મળશે. ૧૧ મહિનાનો કરાર પૂર્ણ થતા પુનઃ નિમણૂક વખતે આરોગ્ય કર્મચારીઓને પાંચ ટકાનો વધારો આપવામાં આવશે. આ વધારો પહેલી માર્ચ 2024 થી અમલમાં ગણાશે.

.................

# AHD- ST BUS LOKARPAN

વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આજે એસ.ટી. ની નવી 301 બસોનું લોકાર્પણ કર્યું હતુ.

અમારા અમદાવાદના પ્રતિનિધિ કરણ પરમારના જણાવ્યા મુજબ નવી બસોના કારણે મુસાફરોની સમયમાં બચત થશે. છેલ્લા બે વર્ષમાં કેટલાક નવો રૂટ પણ શરૂ કરાયા છે. આ પ્રસંગે હર્ષ સંઘવીએ એસ.ટી. દ્વારા અત્યાધુનિક બસોના નવા કાફલાને લોકસેવામાં રાજ્ય સરકાર વતી અર્પણ કરતાં આનંદની લાગણી અનુભવી હતી.

. . . . . . . . . . . .

# MSN - FESTIVAL BUS

મહેસાણા એસટી વિભાગ દ્વારા હોળી અને ધુળેટીના પર્વને લઈને વધુ બસો દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે 12 બસ સ્ટેશનોથી વિવિધ રૂટોમાં વધુ બસોનું સંચાલનનું આયોજન કરાયું છે. 19 મી માર્ચ થી 25 મી માર્ચ સુધી ડિવિઝનના 12 ડેપો માંથી 130 વધુ બસ ની 275 ટ્રીપનું આયોજન કરાયું છે.

...................................

# SNR- NARMADA JAL

રાજ્ય સરકારે સુરેન્દ્રનગર જિલ્લામાં ત્રણ તાલુકાના ૩૮ ગામોને સિંચાઈ માટે નર્મદાનું જળ પૂરું પાડવા ૩૪૮ કરોડ રૂપિયાની યોજનાની મંજૂરી આપી છે. આ ગામોને કોઈ પણ બ્રાન્ચ કેનાલ મારફતે સિંચાઈના પાણીનો લાભ મળતો ન હતો. આ યોજના દ્વારા વઢવાણ-મુળી-સાયલા તાલુકાના ૩૮ ગામોના તળાવ, સીમતળાવ, ચેકડેમ નર્મદાના પાણીથી ભરવામાં આવશે. આના પરિણામ સ્વરૂપે અંદાજે ૨ હજાર ૭૦૭ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદ્રઢ બનશે.

. . . . . . . . . . . . . . . . .

# CM-PROTSAHAK VALTAR YOJNA

રાજ્યસરકારે ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની યોજનાઓમાં ૧૦૦ ટકા પેનલ્ટી માફીની મુદત આગામી ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી આ જુની યોજનાઓમાં ૬૧ હજાર ૩૧૦ જેટલા બાકી રહેતા લાભાર્થીઓના પરિવારજનોને પણ લાભ મળી શકશે.

આ ઉપરાંત સમય-મર્યાદામાં હપ્તા ભરી ન શકનારા લાભાર્થીઓ માટે પણ વાર્ષિક ૮ ટકા વ્યાજના દરે પેનલ્ટીની જોગવાઇને લીધે બાકીના વ્યાજમાં પણ ઘટાડો કરવાનો નિર્ણય કરાયો છે.

આ નિર્ણયથી ગુજરાત હાઉસીંગ બોર્ડને બાકી હપ્તાની વસુલાત થશે, અને જૂના-જર્જરિત મકાનોના રિ-ડેવલપમેન્ટ માટેનો માર્ગ મોકળો બનશે તેમજ નવા મકાનોના આયોજન હાથ ધરી શકાશે.

-----------------------

# PATAN- KHATMUHURAT

પાટણ જિલ્લામાં આજે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને લોકસભા સંસદ સભ્ય ભરતસિંહ ડાભીની પ્રેરક ઉપસ્થિતિમાં અંદાજિત ૧ કરોડ ૬૬ લાખ રૂપિયાના વિકાસ કામોનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકીના જણાવ્યા મુજબ તેનાથી આગામી સમયમાં નગરપાલિકા વિસ્તારમાં પાણી, ગટર, રસ્તા તેમજ અન્ય માળખાકીય સુવિધાઓનો વિકાસ થશે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રીએ લોકહિતના કાર્યોને સમયસર પૂરા કરીને લોકોને ઉપયોગી થવા બદલ નગરપાલિકાની પૂરી ટીમને શુભેચ્છા પાઠવી હતી.

...................................